



## ધન આકર્ષણ માટે:

# અક્ષય કુબેર વ્રજ અને કનકધારા લક્ષ્મી ચક્ર સહસ્ર કોણ યંત્ર

'અક્ષય કુબેર વ્રજ' - એક અલગ જ અને શક્તિશાળી યંત્ર છે, જે આધ્યાત્મિક ઊર્જા, વૈજ્ઞાનિક સિદ્ધાંત અને કંપનાત્મક મનોવિજ્ઞાનનો સમાગમ છે. આ યંત્ર ખાસ કરીને ધન, સમૃદ્ધિ અને સફળતાની પ્રાપ્તિ માટે બનાવવામાં આવે છે. તેમાં 27 નક્ષત્રો અને 12 રાશિઓ અનુસાર 13.20 ડિગ્રીના અંતરની સાથે 963 હર્ટ્જ ફ્રિક્વન્સીથી ચાર્જ કરવામાં આવે છે.

આ યંત્ર વિશુધ્ધ ધાતુથી હાથથી બનાવવામાં આવે છે અને તે યંત્ર તમારાં મન-મસ્તિષ્ક અને ઊર્જા ક્ષેત્રને ઉચ્ચ સ્તર પર સક્રિય કરે છે. તેનો નિયમિત ઉપયોગ- આર્થિક સંપન્નતા... માનસિક સ્થિરતા, આત્મવિશ્વાસ અને જીવનમાં સકારાત્મક બદલાવ લાવવામાં મદદરૂપ થાય છે.

અક્ષય કુબેર વજ યંત્ર તમોને નકારાત્મક ઊર્જા, અવરોધો, નડતરો, વિઘ્નો તેમ જ આર્થિક સંકટોમાંથી મુક્ત કરીને કેન્દ્રિત અને સફળ બનાવવામાં મદદ કરે છે.



આ યંત્ર વિશુદ્ધ ધાતુથી હાથથી બનાવવામાં આવે છે. ઉપરાંત આ યંત્ર તમારી જન્મપત્રિકા મુજબ નિર્માણ કરવામાં આવે છે તેથી તે દુર્લભ પણ છે

### અતિ સિદ્ધ કનકધારા દુર્લભ મહાલક્ષ્મી ચક્ર સહસ્ત્ર કોણ યંત્ર

આ યંત્રમાં સૌથી બાહ્ય પરિધિમાં બહુસ્તરિય વૃત્તાકાર મંડળ-વ્યવસ્થા રહેલી છે, જે 'બ્રહ્માંડીય ચક્ર સંઘટન'નું પ્રતીક છે. ફળસ્વરૂપે વાસ્તુ-દોષોને નષ્ટ કરીને સકારાત્મક ઊર્જાનો પ્રવાહ સુનિશ્ચિત કરે છે તથા પરિવારને આરોગ્ય (સ્વાસ્થ્ય), ધન અને સુખ પ્રાપ્ત કરાવે છે... જેમકે વૈતરણી નદીની ધારા પાપોને વહાવીને આત્માને મુક્ત કરે છે! આ ઉપરાંત બીજા સ્તર પર અષ્ટકોણીય તથા ષટકોણીય આકૃતિઓનું સંયોજન છે, જેને 'શક્તિ-કોષ્ટક' કહેવામાં આવે છે. આ 'અષ્ટકોણીય' આકૃતિઓ અષ્ટ-દિશાઓ રક્ષણ કરવાની શક્તિઓનું પ્રતિનિધિત્વ કરે છે. અર્થાત્ ઉત્તર, દક્ષિણ વગેરે દિશાઓથી આવતી નકારાત્મક ઊર્જાઓને અવરોધીને ઘરેલું વાતાવરણને શુદ્ધ બનાવે છે, જ્યારે 'ષટ્કોણીય' ભાગ છ ઈન્દ્રિયોના સંતુલનને દર્શાવે છે અને ઘરમાં રહેનારાં સભ્યોને માનસિક શાંતિ, પારિવારિક એકતા તથા અગણિત સફળતાઓનો લાભ મળે છે.

જડીબુટ્ટી

નજુમી

ત્રીજા આવરણમાં ત્રિકોણ- યુગ્મની જટિલ સંરચના છે, જે 'ત્રિશૂલ-ત્રિકોણ'ના રૂપમાં ઓળખવામાં આવે છે... જ્યાં ઊર્ધ્વ તથા અધોમુખી ત્રિકોણોના મિલન દેવી-દેવતાની સંયુક્ત ઊર્જાને આમંત્રિત કરીએ છીએ. આ 'યુગ્મ' શિવ તથા શક્તિના દ્વૈતને એકતામાં બદલવાનું માધ્યમ છે. ફળ સ્વરૂપે આ યંત્ર જીવનની બાધાઓ, અવરોધો, વિઘ્નોને દૂર કરીને સમૃદ્ધિનાં દ્વાર ખોલે છે. તેનો ઉપયોગકર્તાને આર્થિક સ્થિરતા, સંતાન-સુખ તથા રોગ-નિવારણના રૂપે ચમત્કારિક ફળ આપે છે. જેમ કે સૂર્યનાં કિરણો અંધકારને ભેદીને પ્રકાશ ફેલાવે છે.

અંતિમ કેન્દ્રમાં બિંદુ-રૂપી સૂર્યાકારનું પ્રતીક છે, જેને 'કામના-જ્યોતિ' કહે છે. જ્યાં સમસ્ત ઊર્જાઓ એકત્ર થઈને તેજસ્વી શક્તિ ઉત્પન્ન કરે છે. આ 'સૂર્યાકાર' આત્મિક જાગૃતિનું પ્રતીક છે, જે ઘરેલું વાતાવરણને દિવ્ય બનાવે છે. ફળસ્વરૂપે સાધકને લાંબુ આયુષ્ય, પરિવારની સુરક્ષા તથા અપાર ખુશીઓ જોવા મળે છે તથા આ યંત્રની નિયમિત પૂજાથી તેનો પ્રભાવ વધીને જીવનને એક આશીર્વાદપૂર્ણ યાત્રામાં બદલી નાખે છે. આ ચમત્કારિક અને દુર્લભ યંત્ર ઘરમાં કે ઓફિસમાં સ્થાપિત કરો પછી જુઓ. બધા દોષ, તકલીફો દૂર થશે.

# બધાં બંધનોમાંથી મુક્તિનો શક્તિશાળી પ્રયોગ



આજે હું તમોને એક એવા અત્યંત શક્તિશાળી સ્તોત્ર વિશે બતાવવા જઈ રહ્યો છું, જે તમોને દરેક પ્રકારના બંધનમાંથી મુક્તિ અપાવી શકે છે... આ છેઃ બંદીમોચન સ્તોત્ર. આ સ્તોત્ર શ્રી રુદ્રયામલ તંત્રમાં આવે છે અને તેનો નિયમિત પાઠ કરવાથી બધા પ્રકારનાં બંધન- પછી તે પિતૃબંધન હોય.. ખોટો કેસ હોય.. સાંસારિક ઉલઝન હોય કે પછી કુળદેવીનું બંધન- બધામાંથી મુક્તિ મળે છે!

બંદીમોચન સ્તોત્ર શું છે?

બંદીમોચન સ્તોત્રનો અર્થ છેઃ બંધનોમાંથી મુક્તિ અપાવનાર સ્તોત્ર. તેમાં બંદીદેવીની આરાધના કરવામાં આવી છે.... જે બધા જ પ્રકારનાં બંધનોને કાપવાવાળી દેવી છે! આ સ્તોત્ર અત્યંત દુર્લભ અને શક્તિશાળી છે. તેનો નિયમિત પાઠ કરવાથી સાધકનાં બધાં બંધન તૂટી જાય છે અને તે મુક્તિનો અનુભવ કરે છે.

**આ સ્તોત્રનો અદ્ભુત લાભ**

» પિતૃમુક્તિઃ પિતૃઓને બંધનમાંથી મુક્તિ મળે છે.

» ખોટા કેસમાં રક્ષણઃ ખોટા કેસ અને આરોપો, કોર્ટ-કેસમાંથી છુટકારો મળે છે.

» સાંસારિક ઉલઝનોમાંથી મુક્તિઃ જીવનની બધી ઉલઝનો દૂર થાય છે.

» કુલદેવીના બંધનમાંથી મુક્તિઃ કુળદેવીના ક્રોધ કે બંધનમાંથી મુક્તિ મળે છે.

» બધા પ્રકારનાં બંધનોના નાશઃ જીવનના દરેક પ્રકારનાં બંધન કાપે છે.

માનસિક શાંતિઃ મન શાંત અને એકાગ્ર રહે છે.

» આર્થિક સમૃદ્ધિઃ ધન-સમૃદ્ધિમાં વધારો થાય છે.

» લક્ષ્મી-બંધન હોય તો પણ તેમાંથી મુક્તિ મળે છે.

યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

આ સાધના આવનારી 'અષાઢી ગુપ્ત નવરાત્રિ'માં કરવી સૌથી ઉત્તમ છે. નવરાત્રિના 9 દિવસ આ સ્તોત્રનો પાઠ કરવાથી વિશેષ લાભ મળે છે. રોજ 21 વાર આ સ્તોત્રનો પાઠ કરવો. લાલ આસન પાથરવું. લાલ રંગ શક્તિ અને ઊર્જાનું પ્રતીક છે. આ સાધનામાં દેવીને એક દાડમનો ભોગ લગાવવો જોઈએ. રોજ એક તાજું દાડમ ચઢાવવું. દાડમ શુભતા અને સમૃદ્ધિનું પ્રતીક છે.

પહેલા દિવસે સાધના શરૂ કરતાં પહેલાં સંકલ્પ લેવો ખૂબ જરૂરી છે. હાથમાં જળ લઈને સંકલ્પ કરવોઃ

સંકલ્પઃ ''હું (પોતાનું નામ, ગોત્ર) મારા બધા પ્રકારનાં બંધનો- પિતૃબંધન, ખોટા કેસો, સાંસારિક ઉલઝનો અને કુળદેવીના બંધનમાંથી મુક્તિ/ છૂટકારો મેળવવા માટે હું નવરાત્રિના 9 દિવસ સુધી 'બંદીમોચન સ્તોત્ર'નો 21 વાર પાઠ કરીશ. બંદી દેવી! મારી સાધનાનો સ્વીકાર કરો.''

પાણીને જમીન ઉપર છોડી દેવું.

**રોજની વિધિ**

**પહેલું ચરણઃ** સવારે સ્નાન કરીને સ્વચ્છ લાલ વસ્ત્ર પહેરવું. લાલ આસન પાથરવું.

**બીજું ચરણઃ** ઘી કે તલના તેલનો દીવો પ્રગટાવવો.

**ત્રીજું ચરણઃ** ધ્યાન- બંદી દેવીનું ધ્યાન કરવું. તેમના વરદ અને અભય મુદ્રાવાળા સ્વરૂપનું ધ્યાન કરવું.

**ચોથું ચરણઃ** સૌથી પહેલાં બીજ મંત્ર 'ઓમ હ્રીં' હૂં બંદી દૈવ્યે નમઃ'નો 108 વાર મંત્ર જાપ કરો.

**પાંચમું ચરણઃ** હવે આ સ્તોત્રના 21 વાર પાઠ કરવા.

**છઠ્ઠું ચરણઃ** દેવીને એક દાડમનો ભોગ/નૈવેદ્ય ધરાવવો.

**સાતમું ચરણઃ** અંતે હાથ જોડીને પ્રાર્થના કરવીઃ

''હે બંદી દેવી! મારાં બધાં બંધનોને કાપી નાંખો. મને પિતૃબંધન, ખોટા કેસ કે આરોપો, સાંસરિક ઉલઝનો અને કુળદેવીના બંધનમાંથી મુક્તિ આપો.'

**પિતૃ બંધન... ખોટા-જૂઠા આરોપો કે કેસો... સાંસારિક ઉલઝનોમાંથી મુક્તિ... કુળદેવીના બંધનમાંથી મુક્તિ... માનસિક શાંતિ.. આર્થિક સમૃદ્ધિ... મંગળ-રાહુના બંધનદોષમાંથી મુક્તિ... લક્ષ્મી બંધનમાંથી છુટકારો મેળવવા માટેનો સચોટ ઉપાય**

સાધના દરમિયાન ધ્યાન રાખવું

સ્વચ્છતા- સવારે સ્નાન કરીને જ પાઠ કરવો.

લાલ વસ્ત્ર- લાલ રંગનું જ વસ્ત્ર પહેરવું.

સાત્ત્વિક ભોજન- ડુંગળી-લસણ, માંસ-મદિરાથી દૂર રહેવું.

નિયમિતતા- 9 દિવસ સતત કરવા. વચ્ચે પાઠ છોડવો જોઈએ નહીં. પૂરી શ્રદ્ધા અને વિશ્વાસની સાથે આ પાઠ કરવો જોઈએ.

**અનુભવ કેવો થશે?**

નવરાત્રિના 9 દિવસના પાઠથી તમે નીચે મુજબ અનુભવ કરશોઃ

- જીવનમાં બંધન ધીમે-ધીમે તૂટવા લાગશે.
- માનસિક શાંતિ મળશે.
- ખોટા આરોપો કે કેસમાંથી છુટકારો મળશે.
- પિતૃઓને શાંતિ મળશે.
- કુળદેવી પ્રસન્ન/ ખુશ થશે.

# છોકરા-છોકરીઓ અથવા પરિણીત સ્ત્રીઓ કે પુરુષોના ખોટા સંબંધો દૂર કરવાનો ઉપાય

આજના ભૌતિક યુગમાં સમસ્યાઓ બહુ જ જોવા મળે છે. બાળકો વધારે સ્વચ્છંદ થઇ ગયાં છે અને તેમનું બધું જ ધ્યાન ખોટા લોકોને મળવું. તેમની સાથે બેસવું-ઉઠવુંમાં જ લાગેલા રહે છે.

એક બાજુ તેમને શિક્ષણ પ્રાપ્ત કરવાનું હોય છે. કેરિયર બનાવવું જોઈએ. પરંતુ તેની જગ્યાએ તે ખોટા લોકોની સંગતિમાં પોતાનો કિંમતી સમય નષ્ટ કરી રહ્યા છે અને માતા-પિતાનાં સ્વપ્નોને ચકનાચૂર કરી રહ્યાં છે.

કેટલીક વાર તો આપણે જોઈએ છીએ કે, જીવનસાથીનો સંબંધ અન્ય કોઇ સ્ત્રી કે પર પુરુષ જોડે થઇ જાય છે અને તેમનું ગૃહસ્થજીવન સંકટમાં પડી જાય છે અથવા તો જે કોઈ સ્ત્રી કે પુરુષની જોડે પ્રેમ કરતા હોય તેઓ કાલ સુધી તો સાથે-સાથે જીવવાની અને મરવાની સોગંદ ખાતાં હોય છે. આજે તેમને કોઈ બીજો સારો લાગવા માંડે છે!

આ બધી સ્થિતિઓમાંથી બચવા માટે આપણને તંત્રશાસ્ત્રમાં 'વિદ્વેષણ સાધના' વિશે જાણકારી મળે છે! આ સાધનાના માધ્યમથી તમે એ બંને મધ્ય (વચ્ચે) દ્વેષ ઉત્પન્ન કરી શકો છો અને તે ભવિષ્યમાં એક બીજાનું મોં પણ જોવા ઈચ્છતાં નથી. પરંતુ સાધના કરવાનો ઉદ્દેશ અનૈતિક ના હોવો જોઈએ... તમે કોઈને ઈર્ષ્યાના કારણે તમારા મિત્રો, સંબંધીઓ કે કોઈ અન્ય પર ના કરશો! એટલા માટે આ વાતનું હંમેશાં ધ્યાન રાખવું કે, જો કાંટા રોપ્યા હોય તો કાંટા જ બદલામાં પ્રાપ્ત થાય છે. એટલા માટે હંમેશાં ફૂલ વાવો અને ફૂલ પ્રાપ્ત કરો!!


કાળચક્ર

યજ્ઞાનંદ

### તીવ્ર વિદ્વેષણ નારદ સાધના વિધિ

આ સાધના તમે કૃષ્ણ (વદ) પક્ષના શનિવારે રાત્રિએ પ્રારંભ કરવો. આ સાધના 41 દિવસની છે. પરંતુ વધારે સમય લાગતો નથી. સ્નાન કરીને સ્વચ્છ ધોતી ધારણ કરીને તમારા પૂજા (સાધના)ના રૂમમાં દક્ષિણ દિશામાં મોઢું કરીને કાળા ઊનના આસન પર બેસી જવું. બેસવાની પદ્ધતિ સ્વસ્તિકાસનમાં હોવું જોઈએ. પોતાની સામે ગણેશજી, ગુરુ, તેમ જ પોતાના ઈષ્ટને બિરાજમાન કરવા. સર્વ પ્રથમ આચમન, પવિત્રીકરણ વગેરે કરીને સંપન્ન કરીને જમણા હાથમાં જળ લઈને સંકલ્પ કરવોઃ

'હું અમુક નામનો સાધક અમુક તિથિ, ગોત્ર, અમુક જાતકનો અમુક વ્યક્તિની વચ્ચે 'દ્વેષ' ઉત્પન્ન કરવાના



ઉદ્દેશથી હું નારદ વિદ્વેષણ પ્રયોગ કરી રહ્યો છું.

સંકલ્પ કર્યા બાદ ગણેશ, ગુરુ, ઈષ્ટનું પૂજન કરી ગુરુ મંત્ર કરી લેવો... અને પ્રયોગમાં સંપૂર્ણ સફળતાની પ્રાર્થના અને સંક્ષિપ્ત પૂજન કરીને... ઉપાંશુ (હોઠોથી બોલીને) જપ કરવાની વિધિથી માત્ર 5 માળા નીચેના મંત્રની કરવીઃ

**મંત્રઃ** ૐ નમો નારદાય અમુકસ્ય અમુકેન સહ વિદ્વેષણ કુરુ કુરુ સ્વાહા ॥

(અમુકસ્ય અમુકેનની જગ્યા પર બંનેનું નામ લેવું. જેનો તમારે મત-ભેદ કરવાનો છે.)

**નારદ 'વિદ્વેષણ મંત્ર'નો સંબંધ તાંત્રિક અને જ્યોતિષીય પરંપરાઓમાંથી એક છે... તંત્ર શાસ્ત્રમાં 'વિદ્વેષણ' એટલે એવું કર્મ કે ક્રિયા કહેવાય છે કે જેનો ઉદ્દેશ બે વ્યક્તિઓ વચ્ચે પ્રેમ કે મિત્રતાને સમાપ્ત કરાવીને તેના વચ્ચે મતભેદ કે શત્રુતા ઊભી કરવાનો હોય છે**

આ તીવ્ર વિદ્વેષણ નારદ સાધનામાં (અમુકસ્ય)- ના સ્થાન પર એક વ્યક્તિનું નામ બોલવું અને તેની લડાઈ જેની સામે કરાવવાની હોય (અમુકેન) ના સ્થાન પર તેમનું નામ બોલવું. મંત્રનો જપ બહુ ઝડપથી ના કરવો અને ના તો બહુ ધીમે-ધીમે. નિત્ય (દરરોજ) મંત્ર જપ બાદ તમારા ઈષ્ટની આરતી કરી ક્ષમા-યાચના અવશ્ય કરવી.

આમ કરવાથી અવશ્ય જ એ બંને વચ્ચે કોઈ ને કોઈ વાતને કારણે દ્વેષ ઉત્પન્ન થઈ જાય છે! અને તેઓ એક-બીજાનું મોઢું જોવાનું પણ પસંદ નથી કરતાં!

બહુ સમજી-વિચારીને આ પ્રયોગ કરવો પરંતુ જરૂર લાગે તો જરૂર કરવો. છોકરો કે છોકરીનાં માબાપ પણ ચૂપચાપ આ પ્રયોગ કરીને જાતે જ ચમત્કાર જોઈ શકે છે!

# મારાં લગ્ન ક્યારે થશે? મારા જીવનમાં આર્થિક સ્થિરતા ક્યારે આવશે?

**સમસ્યાઃ મારાં હજુ સુધી લગ્ન નથી થયાં. અગાઉ વિદેશી વ્યક્તિ સાથે સંબંધ હતો પરંતુ તે ટક્યો નહીં. પછી તે વિદેશી વ્યક્તિ જીવનમાં પાછા આવ્યા અને તે બે વર્ષ સુધી રહ્યા, પરંતુ લગ્નનું કમિટમેન્ટ સામા પક્ષ તરફથી ના મળતાં આ સંબંધ ત્યાં જ અટકી ગયો! બીજી તરફ મારી ઉમર વધતી ગઈ. તેથી મારો પ્રશ્ન કે સમસ્યા એ છે કે, મારાં હવે લગ્ન ક્યારે થશે? તે માટે મારે કયા ઉપાય કરવા જોઈએ. મારાં લગ્ન દેશમાં થશે કે વિદેશમાં? મેં જન્મની બધી વિગતો મોકલી છે તેથી મને કૃપા કરીને જવાબ/સમાધાન આપશોજી. (બિજલ, સુરત)**

સમાધાનઃ બિજલબહેન... આપશ્રીની કુંડળીનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરતાં તમારા જીવનમાં પ્રેમ થાય અને પ્રેમ-લગ્ન કે પસંદગીનાં લગ્ન થાય. 'માંગલિક કુંડળી' છે. 'શનિ' પણ છે, તેથી વિલંબ થાય છે. બીજું કે રાહુ-સૂર્યનો ઉગ્ર પિતૃદોષ છે. ગુરુ-રાહુનો 'ચાંડાલ દોષ' બને છે. બીજી તરફ ગુરુ-રાહુ જન્મકુંડળીમાં હોય તો ગુરુ, વડીલ, સાધુ, સંન્યાસી, શિક્ષક વગેરેનું ગત જન્મમાં અપમાન કર્યું હોય તો આ દોષ બને છે. ઉપરાંત શનિ-ચંદ્રનો 'વિષયોગ' પણ પહેલા અને સાતમા લગ્નજીવન સ્થાનમાં બને છે; તેથી તમોને પ્રેમમાં કે લગ્ન કરવામાં સફળતા મળતી નથી.

હાલ તમારે 12 સપ્ટેમ્બર 2022 થી 2038 સુધી 'ગુરુ ગ્રહની મહાદશા' ચાલી રહી છે. ગુરુ મીન રાશિમાં તમારા પાંચમા ભાવમાં છે. આ સમય સારો છે.

તમારું લગ્નજીવન આનંદમય રહેશે. તમારા જીવનસાથી કુશળ, કટિબદ્ધ, વફાદાર તથા ઘરરખ્ખુ રહેશે... ઘરમાં આવું પ્રસન્ન વાતાવરણ હોવા છતાં તમારા જીવનસાથીનું સ્વાસ્થ્ય (આરોગ્ય) - એ ચિંતાનો વિષય હશે. તમારા જીવનસાથી તમને પહેલાંથી જાણતા ના હોય એવું પણ બની શકે છે.

એવી પૂરેપૂરી શક્યતા છે કે, તમારા લવમેરેજ થાય. તમને તમારી માતા સાથે ખાસ જોડાણ રહેશે તથા તમને તમારા ભાઈ-ભાંડુઓ કરતાં માતા પાસેથી વધુ પ્રેમ મળશે. જીવનનાં 50 વર્ષ સુધી જીવન ખાસ્સું સંઘર્ષમય રહે એવી શક્યતા છે. પણ 50 થી 56 વર્ષની વય વચ્ચે બધું જ એકદમ સરસ રહેશે.

સમસ્યા અને સમાધાન

વાય.જે.ટી.

શનિવાર, બુધવાર અને શુક્રવાર - એ તમારા માટે શુકનિયાળ દિવસો રહેશે... જ્યારે રવિવાર તમારા માટે અશુભ દિવસ છે.

તા. 2 જૂન 2026 થી 31 ઓક્ટોબર સુધી 'ગુરુ' તમારા ભાગ્ય સ્થાનમાંથી પસાર થાય છે, જેના પાંચમે ગુરુ પર ગુરુની દૃષ્ટિ છે તેથી ખૂબ સારું છે. ઉપરાંત ગુરુની મહાદશા ચાલે છે. તમારે જીવનમાં ફોર વ્હીલરનું સુખ મળશે. તમારો લગ્નયોગ હાલ ચાલે છે, જે હજુ ત્રણ વર્ષ સુધી ચાલશે.

પરંતુ સાથે-સાથે ઉંમરને ધ્યાનમાં લેતાં તમારે હવે શીઘ્ર-ઝડપથી ઉપાયો કરવા જોઈએ. હવે રાહ જોવાની ઉંમર રહી નથી. તેથી જન્મકુંડળીમાં ઉપર જણાવેલા દોષોને ધ્યાનમાં રાખીને તમારે નેપાળનો અસલ ચાંદીના છત્ર કે તારથી મઢેલો તેમજ મંત્ર સિદ્ધ



કરેલો 'ગૌરી-શંકર રુદ્રાક્ષ' ધારણ કરવાથી લગ્નનું વાતાવરણ તેમજ મનને અનુકૂળ, મનને ગમતું પાત્ર ઝડપથી પ્રાપ્ત થશે. આ ઉપરાંત આ રુદ્રાક્ષ ધારણ કરવાથી શીઘ્ર વિવાહ તો થશે જ... સાથે સાથે તમારું દામ્પત્યજીવન મધ જેવું મધુરું બની જશે.

**સમસ્યાઃ નમસ્કાર... મારું નામ ધર્મેશ જમુભાઈ ચૌધરી છે. મારું ગામ તેમજ જન્મસ્થળ દેવગઢ, તા. માંડવી, જિ. સુરત છે. મારી જન્મ તા. 8 માર્ચ 1975 છે. સાંજે 4:30 - 5:30 વચ્ચે છે. હું અનેક ક્ષેત્રોમાં સફળ કામગીરી પછી પણ મારી પોતાની કાયમી આવકનો સ્રોત નથી. હાલ હું બેકાર છું. ગુરુજી... આગળ શું કરવું તે સમજ નથી પડતી. બીજી તરફ બે સંતાન પણ છેઃ એક છોકરો અને એક છોકરી. બંને ઉચ્ચ શિક્ષિત છે. મારે પોતે હવે કયા પ્રકારનું કામ કરવું જોઈએ... કાયમી આવક માટે શું કરવું જોઈએ. મારી રાશિ મકર છે તો ધન રાશિ પર નામ કેમ?**

**સમાધાનઃ** ધર્મેશભાઈ, હાલ તમે ગુરુની મહાદશામાંથી પસાર થઈ રહ્યા છો. 3-8-2012 થી 4-8-2028 સુધી આ દશા ચાલશે. તમારી કુંડળીમાં ગુરુ આઠમા ભાવમાં છે, તેથી તમોને કેટલીક નિરાશા જોવા મળશે. તમો વધારે પડતા અડિયલ કે જક્કી થવાથી નુકસાન થઈ શકે છે. તમારા મિત્રો તથા સાથીદારો તરફથી જોઈતું પીઠબળ નહીં મળે. પરિવારનાં સભ્યોનો અભિગમ ખાસ્સો અલગ રહેશે. આરોગ્ય તમોને પરેશાન કરશે. ચક્કર તથા ઉલટી, તાવના હુમલા, કાનનો ચેપ અને ઊલટીથી પરેશાન થશો. ત્યાર બાદ શનિની દશા શરૂ થશે, જે સારી ને લાભદાયક રહેશે. 4-8-2028 થી 2047 નો સમયગાળો શનિની દશાનો સારો રહેશે. તમારી કુંડળીમાં મંગળ અને શુક્ર ઉચ્ચ રાશિમાં છે. પરંતુ આપની કુંડળીમાં રાહુ-ગુરુ = ચાંડાલ દોષ, રાહુ-શનિ (ચલિત)માં શાપિત દોષ, અર્ધ કાલસર્પ દોષ હોવાથી જીવનમાં અપ-ડાઉન આવ્યા કરશે જ. સ્થિરતા આવશે જ નહીં. હા, જીવન જીવવા જેટલા રૂપિયા કોઈ પણ રીતે મળી જશે. તમારી ઉંમર તેમ જ તમારા અનુભવના આધારે તમે કરિયાણા અને પ્રોવિઝન સ્ટોર્સની દુકાન હાલ નાના પાયે શરૂ કરશો. ઉપરોક્ત દોષો હોવાથી તમોને જીવનમાં 'સ્થિરતા' આવતી નથી તેથી તેનું નિવારણ કરાવી લેવું જોઈએ. ખાસ કરીને પ્રથમ તો પિતૃ દોષની વિધિ કરાવી હોય તો પણ ફરીથી કોઈ જાણકાર પાસે કરાવી લેવી લાભદાયક છે. દરરોજ 'શ્રી વિષ્ણુ સહસ્રનો' એક પાઠ તેમજ 'શ્રીસૂક્તનો' એક પાઠ કરવાથી જીવન સ્થિર થશે.

તા. 5-3-1975 ને બુધવારની રાત્રે 8:38 સુધી વૃશ્ચિક રાશિ હતી. ત્યાર બાદ ધન રાશિ થઈ. તે તા. 8-3-1975 સવારે 7:38 સુધી ધન રાશિ રહી. ત્યાર બાદ મકર રાશિ શરૂ થઈ. તમારી જન્મ-રાશિ મકર બરાબર છે. કારણ કે તમારો જન્મ સાંજે થયો હતો તેથી તે સમયે મકર રાશિ હતી.

ધર્મેશભાઈ, તમારી જન્મકુંડળીમાં શુક્ર ઉચ્ચનો હોવા છતાં પણ તમોને શુક્ર ક્યારેક ધનનું સુખ... તો ક્યારેક કરજ (દેવાં)ની સમસ્યા પણ આપી શકે છે. તમારાં કાર્યોમાં મુશ્કેલીઓ તથા અંતરાયો આવતાં રહેશે. શત્રુઓ પર ખાસ્સી તકલીફો બાદ તમો વિજય મેળવી શકશો. તમારે કારણ વગરની રખડપટ્ટી કે રઝળપાટ ટાળવી. વાદવિવાદથી દૂર રહીને સત્કાર્યો કરવા પર ધ્યાન આપવું જોઈએ. તમને ક્યારેક ક્યારેક જીવનસાથી તથા પુત્ર સંબંધિત ચિંતાઓ સતાવી શકે છે. તમોને વિદેશ યાત્રાની તકો પણ મળી શકે છે. ચંદ્ર બારમા ઘરમાં હોવાથી તમારે નોકરી-ધંધો વારંવાર બદલવો પડે. તમારે તમારું કેટલુંક દેવું એકને બદલે બે વાર ચૂકવવું પડી શકે છે.

**સમસ્યાઃ મારે કયો ધંધો કરવો જોઈએ? મારી પાસે કાયમી આવક ક્યારે આવશે? મારે પાર્ટનરશિપમાં ધંધો કરવો જોઈએ? (એસ. જે. પી. - અડાજણ, સુરત)**

**સમાધાનઃ** તમારી પાસે ખૂબ નાણાંકીય જ્ઞાન, હોવા છતાં પણ તમો જીવનમાં 'સ્થિર' થઈ શકતા નથી તેનું મુખ્ય કારણ શનિની ત્રીજી દૃષ્ટિ રાહુ પર 'શાપિત દોષ' થાય છે. આ દોષ કુંડળીનું હીર ચૂસી લે છે! પછી ગમે તેટલા રાજયોગ, લક્ષ્મી યોગ, વિદેશ યોગ, જમીન યોગ વગેરે કુંડળીમાં દેખાતા હોય તોપણ ઝીરો રિઝલ્ટ મળે છે.

આ દોષથી જીવનમાં 'સ્થિરતા' આવતી નથી. કોઈ ને કોઈ વાતે ખૂટતું જ હોય છે. તમે વિદેશમાં કે વિદેશમાં ઈમ્પોર્ટ-એક્સપોર્ટનો ધંધો કરી શકો છો અથવા વિદેશ જઈને કમાઈ શકો છો. ભાગીદારી ના થાય. ઉપરાંત મંગળની ચોથી દૃષ્ટિ રાહુ ઉપર છે તેથી મંગળ-રાહુનો''બંધન દોષ' પણ છે, તેથી ગમે તેટલી આવડત હોય પણ બંધનના લીધે બહાર ના નીકળો! ઉપરાંત અર્ધ કાલસર્પ દોષ પણ છે. આ બધા કારણોસર તમો હોશિયાર હોવા છતાં ફાંફાં મારવા પડે. ઠોકરો ખાવી પડે!!

આ દોષોને કારણે ક્યારેય જીવનમાં 'સ્થિરતા' જોવા મળે નહીં. ઉપાય તરીકે તમે કોઈ જાણકાર પાસે 'શાપિત દોષ', 'બંધન દોષ', 'કાલસર્પ દોષ' તેમજ 'પિતૃ દોષ'નું જલ્દીથી વિધિ-વિધાનકરાવીને નિવારણ કરાવવું જોઈએ. તો જ જીવનમાં અંધારામાંથી અજવાળામાં આવશો. ગમે તે વ્યક્તિ પાસે ગમે તેટલી વિધિ કરાવી હોય અને તેનું ફળ જોવા ના મળે, તો હંમેશા 'જાણકાર' પાસે જ વિધિ કરાવવી. આર્થિક ઉન્નતિ માટે ગળામાં 'મંત્ર સિદ્ધ અષ્ટ લક્ષ્મી કવચ' ધારણ કરવું લાભદાયક રહેશે. બાકી તમે ગમે તેટલી ભક્તિ-પૂજા, દેવ-દર્શન, વિધિ-વિધાન, ઉપવાસ કરશો તોપણ તેનું પરિણામ શૂન્ય જ મળશે!!